**ફો.કે.નં. ૭૩૫૮૭/૨૦૧૬**

**<u>આંક–૧ હેઠળ હુકમ</u>**

**સદર કામનુ રેકર્ડ ધ્યાને લીધુ. સદર કામ નેગો. કાયદા અન્વયે નોંધાયેલ છે. સદર કામે ફરીયાદીએ ફરીયાદ દાખલ કરતાં આરોપીને સમન્સ કાઢવામાં આવેલ. ત્યારબાદ આરોપીને વારંવાર પ્રોસેસ કાઢવામાં આવેલ પરંતુ તેની બજવણી થયેલ નહી અને તેઓનો પ્રોસેસ આરોપી જણાવેલ સરનામેં રહેતા ના હોવાના શેરા સાથે પરત ફરેલ. ત્યારબાદ ફરીયાદીને નોટીસ કાઢવામા આવેલ છે. જે વગર બજે પરત નથી. ત્યારબાદ ફરીયાદી કે વિ.વ.શ્રી હાજર રહી આગળની કોઈ કાર્યવાહી કરેલ નથી. તેથી આ કેસની વધુ કાર્યવાહી આગળ વધી શકતી નથી અને કેસમાં કોઈ પ્રોગ્રેસ નથી. આજરોજ નામદાર ગુજરાત હાઈકોર્ટની ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરીટીનાપત્ર નં.૩૪૯૨/૨૦૨૨, તા.૨૨/૧૨/૨૦૨૧ ના અનુસંધાને ના.જીલ્લા કાનૂની સમિતિ–સુરત નાઓ એ નોટી.નં.૦૪/૨૦૨૨ થી અત્રે ની અદાલત માં સ્પેશિયલ સીટીંગ નુ આયોજન કરેલ છે. તેમાં તમામ મૃતપાય કેસો (ડેડવુડ) કેસો આઈડેન્ટીફાઈ કરી ડીસ્પોઝ કરવા જણાવવામાં આવેલ છે. હાલના કેસમાં ફરીયાદપક્ષે આરોપીને પ્રોસેસ બજાવવામાં નીષ્ફળ નીવડેલ છે અને કાર્યવાહી નજીકમાં ભવિષ્યમાં આગળ ચાલી શકે તેવી કોઈ શકયતા જણાતી નથી તેમજ કેસની કાર્યવાહી ચાલુ રાખવાથી પણ કોઈ ફળદાયક પરીણામ મળવાની શકયતા નથી. કારણ કે, ફરીયાદીએ જણાવેલ સરનામેં આરોપી રહેતા નથી તેમજ ફરીયાદી પણ નિયમિત પણે હાજર રહેતા ના હોય, નવુ સરનામું રજુ કરેલ ના હોય તે તમામ હકીકતો ધ્યાને લઈ કેસની કાર્યવાહી ક્રિ.પ્રો.કોડ કલમ ૨૫૬ અન્વયે રદ કરવા હુકમ કરવામાં આવે છે.**

**હુકમ આજરોજ તા.૧૩ મી માહે ઓગસ્ટ, સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**તા.૧૩/૦૮/૨૦૨૨.**
**મુ.સુરત,**

**(જીતેન્દ્ર પ્રભુદાસ પ્રજાપતિ)**
GJO1121
**૧૮ મા એડી ચીફ જયુ. મેજી.–સુરત.**